ટોચ અગ્રતા

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/આધારકાર્ડ/૨૦૧૭/૧૮૯૦-૧૯૧૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.20 /૦૪/૨૦૧૭

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો પૈકી આધારકાર્ડ ન ધરાવતા વિદ્યાર્થીઓની માહિતી આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારના સ્કોલરશીપ સહિતના તમામ લાભો જે તે વિદ્યાર્થીઓના ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર હેઠળ જમા કરાવવાનો અભિગમ ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અપનાવવામાં આવેલ છે. અને વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટની માહિતી તેના આધાર નંબર સાથે સીડીંગ કરવાની કાર્યવાહી સંપૂર્ણપણે પૂર્ણ કરવા માટે આ કચેરી દ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ દ્વારા તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં તમામ વિદ્યાર્થીઓના આધાર એનરોલમેન્ટની કામગીરી પૂર્ણ કરવા સુચના આપવામાં આવેલ છે. જે કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા શિક્ષણ વિભાગ દ્વારા બાકી રહેલ વિદ્યાર્થી સંખ્યાના આધારે જિલ્લાવાઈઝ કીટની ફાળવણી કરવાની હોઈ આપના જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો પૈકી જે વિદ્યાર્થીઓને આધારકાર્ડ એનરોલમેન્ટની કામગીરી બાકી હોય તે વિદ્યાર્થીઓની માહિતી નીચેના નિયત નમૂનામાં તા.૨૭/૦૪/૨૦૧૭ સુધીમાં આ કચેરીને ઈ-મેઈલથી મોકલી આપવાની રહેશે. તેમજ કીટની ફાળવણી થયા બાદ આપના જિલ્લાના બાકી વિદ્યાર્થીઓની આધાર એનરોલમેન્ટ તેમજ સીડીંગની કામગીરી તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં પૂર્ણ થાય તેની વિશેષ કાળજી લેવાની રહેશે.

વધુમાં તા.૦૧/૦૫/૨૦૧૭ થી શાળાઓમાં વેકેશન ચાલુ થવાનુ હોય વેકેશન શરૂ થયા પહેલા આપના જિલ્લાની માહિતી ફરજિયાતપણે આ કચેરીને મોકલી આપવાની સઘળી જવાબદારી આપની અંગત રહેશે. જેની નોંધ લેશો.

(A) જિલ્લાની કુલ સરકારી શાળાની સંખ્યાઃ- . . . . . . . . . .
૧૦૦ ટકા આધારકાર્ડની કામગીરી પૂર્ણ થઈ ગયેલ સરકારી શાળાની સંખ્યાઃ- . . . . . . . . .
આધારકાર્ડની કામગીરી બાકી હોય તેવી સરકારી શાળાની સંખ્યાઃ- . . . . . . . . .

## આધારકાર્ડની કામગીરી બાકી હોય તેવી શાળાઓની વિગત દર્શાવતુ પત્રક

(સરકારી શાળા)

| ક્રમ | તાલુકાનુ નામ | શાળાનુ નામ | કુલ વિદ્યાર્થી સંખ્યા | આધારકાર્ડ ન ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(B) જિલ્લાની કુલ ગ્રાન્ટેડ શાળાની સંખ્યાઃ- . . . . . . . . . . .

૧૦૦ ટકા આધારકાર્ડની કામગીરી પૂર્ણ થઈ ગયેલ ગ્રાન્ટેડ શાળાની સંખ્યાઃ- . . . . . . . . .

આધારકાર્ડની કામગીરી બાકી હોય તેવી ગ્રાન્ટેડ શાળાની સંખ્યાઃ- . . . . . . . . .

## આધારકાર્ડની કામગીરી બાકી હોય તેવી શાળાઓની વિગત દર્શાવતુ પત્રક

### (ગ્રાન્ટેડ શાળા)

| ક્રમ | તાલુકાનુ નામ | શાળાનુ નામ | કુલ વિદ્યાર્થી સંખ્યા | આધારકાર્ડ ન ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(C) જિલ્લાની કુલ ખાનગી શાળાની સંખ્યાઃ- . . . . . . . . . .

૧૦૦ ટકા આધારકાર્ડની કામગીરી પૂર્ણ થઈ ગયેલ ખાનગી શાળાની સંખ્યાઃ- . . . . . . . . .

આધારકાર્ડની કામગીરી બાકી હોય તેવી ખાનગી શાળાની સંખ્યાઃ- . . . . . . . . .

## આધારકાર્ડની કામગીરી બાકી હોય તેવી શાળાઓની વિગત દર્શાવતુ પત્રક

### (ખાનગી શાળા)

| ક્રમ | તાલુકાનુ નામ | શાળાનુ નામ | કુલ વિદ્યાર્થી સંખ્યા | આધારકાર્ડ ન ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

નોંધ- માહિતી શ્રુતિ ફોન્ટમાં Excel ફાઈલમાં સોફ્ટકોપીમાં મોકલી આપવાની રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-

- નાયબ સચિવશ્રી, વ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર